સંસદના કારણે લોકશાહી વધારે મજબૂત થઈ છે : વડાપ્રધાન

નવી દિલ્હી,તા.૧૩

સંસદના ૬૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આજે ખાસ બેઠક બોલાવવામા આવી હતી. જેમાં વડાપ્રધાન મનમોહનસિંહે પોતાની રજૂઆત કરી હતી. લોકસભાની પ્રથમ બેઠકની ૬૦મી વર્ષગાંઠના પ્રસંગે ખાસ રીતે બોલાવવામા આવેલી સંસદની બેઠકમાં વડાપ્રધાન મનોહનસિંહે કહ્યુ હતુ કે સંસદના કારણે લોકશાહી વધારે મજબૂત થઈ છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે છેલ્લા છ દશકના ગાળા દરમિયાન સંસદમાં જે પણ ગંભીર ચર્ચાઓ થઈ છે, વાતચીત થઈ છે, અને કાયદાઓ બન્યા છે તેનાથી દેશની લોકશાહી વ્યવસ્થા વધુ મજબૂત થઈ છે. અમારા પ્રજાસત્તાકને પણ મજબૂતી મળી છે. રાજ્યસભાની કાર્યવાહી વારંવાર ખોરવાઈ જવાના મામલે ચિંતા વ્યક્ત કરતા સિંહે કહ્યુ હતુ કે રાજ્યસભામા અપેક્ષિત ગૌરવ અને સન્માનની ભાવના જરૂરી છે. સન્માનની ભાવનાથી એક નવા પ્રકરણની શરૂઆત થઈ શકે છે. સિંહે કહ્યુ હતુ કે સંસદ એક એવી જગ્યા છે જયા સમાજના દરેક વર્ગની ભાવનાઓ રજૂ કરવામા આવે છે તેમણે એમ પણ કહ્યુ હતુ કે સંસદમા થનારી ચર્ચાથી અમારા અનુભવ સમૃદ્ધ બને છે તથા વર્તમાન તથા ભવિષ્યના મુદ્દા ઉપર રાષ્ટ્રીય સહમતિ તૈયાર કરવામા મદદ મળે છે. વડાપ્રધાને કહ્યુ હતુ કે સંસદ માત્ર એક સંસ્થા નથી બલ્કે ગંભીર મુદ્દા ઉપર ચર્ચા કરવાની જગ્યા છે. મનમોહનસિંહ પોતા રાજ્યસભામા પોતે ૨૧ વર્ષ પૂરા કરી ચુકયા છે. પોતાના ૨૧ વર્ષના સંબંધનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યુ હતુ કે રાજ્યસભાનો ઈતિહાસ લાંબો છે. આ ગાળા દરમિયાન અનેક એતિહાસિક બિલ પસાર કરવામા આવ્યા છે જેમા ભૂતપૂર્વ રજવાડાઓના શાસનને સમાપ્ત કરવાની બાબત, બેંકોના રાષ્ટ્રીયકરણ, શિક્ષણ અધિકાર અને લઘુત્તમ રોજગાર ગેરંટી બિલ સામેલ છે. તેમણે ઉમેર્યુંહતુ કે વિશ્વમાં અમારુ કદ સતત વધી રહ્યુ છે કારણ કે

અમારો લોકશાહી વ્યવસ્થામાં ઉંડો વિશ્વાસ છે. સંસદના ૬૦ વર્ષ પૂર્ણ થવાના સંદર્ભો લોકોએ પોતાની પ્રતિક્રિયા આપી હતી. જાણકાર લોકોએ કહ્યુ હતુ કે હવે અમારી સંસદને પણ વેસ્ટ મિનિસ્ટર મોડેલ ઉપર આધારિત બનાવી લેવાની જરૂર છે. સંસદ વ્યવસ્થાને અતિઆધુનિક બનાવવાની જરૂર છે. વર્ષ ૧૯૭૭ના જનતાપાર્ટીના અનુભવની યાદ કરતા રાજકીય નિષ્ણાંતોએ કહ્યુ હતુ કે લોકશાહી વ્યવસ્થા મજબૂત કરવા માટે સંસદના ૬૦ વર્ષ પૂરા થયા બાદ હવે વધુ નવીનતા લાવવાની પણ જરૂર છે. કેટલાક નિષ્ણાંતોનુ કહેવુ છે કેઘણા સંસદ સભ્યો પૂરતુ હોમવર્ક કર્યા વગર સંસદના પહોંચે છે અને પ્રશ્નકલાક દરમિયાન અને પોઈન્ટ ઓફ ઓર્ડર દરમિયાન ભૂલો કરે છે. ૧૯૬૦-૭૦ના દશકમાં સંસદ સભ્યોની ગરિમા જળવાઈ હતી. ચંદ્રશેખર સરકારમાં ભૂતપૂર્વ નાયબ પ્રધાન રહી ચૂકેલા રામજી સુમને કહ્યુ હતુ કે સંસદીય વ્યવસ્થામા સતત સુધારાની જરૂર પડે છે.

ટોચની દસ કંપનીઓની માર્કેટ મૂડી ૫૮૭૯૭ કરોડ ઘટી ગઈ

મુંબઈ,તા.૧૩

શેરબજારમાં જારી રહેલી મંદીના પરિણામ સ્વરૂપે ટોચની દસ સેંસેક્સ કંપનીઓની સંયુક્ત માર્કેટ મૂડી (એમ-કેપ)માં ૫૮૭૯૭ કરોડ રૂપિયાનો ગયા સમાહમા ઘટાડો નોંધાયો છે. કોલ ઈન્ડિયા લિમિટેડને સૌથી વધુ નુકસાન થયુ છે. સરકારી સીઆઈએલની માર્કેટ મૂડીમાં ૯૫૬૯ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે આની સાથે જે તેની માર્કેટ મૂડી ૧૯૮૬૧૮ કરોડ થઈ ગઈ છે. કંપનીના શેરની કિંમતમા આ સમાહ દરમિયાન ૪.૫૯ ટકાનો ઘટાડો નોંધાયો છે. જેથી તેના શેરની કિંમત ૩૧૪.૪૫ રૂપિયા થઈ છે. એનર્જીની સાથે સંકળાયેલી મહાકાય કંપની આરઆઈએલની માર્કેટ મૂડીમા પણ ઉલ્લેખનીય ઘટાડો થયો છે. આરઆઈએલની માર્કેટ મૂડી ૯૫૪૫ કરોડ ઘટી ૨૨૮૩૩૪ કરોડ થઈ ગઈ છે. આવી જ રીતે આઈટીની મહાકાય કંપની ટીસીએસ અને ઈન્ફોસિસની સંયુક્ત મૂડીમાં ૧૬૫૪૬ કરોડનો ઘટાડો થયો છે. ટીસીએસની માર્કેટ મૂડી ૨૪૧૦૩૧ કરોડ થઈ છે. જ્યારે ઈન્ફોસિસની માર્કેટ મૂડી ઘટીને ૧૩૨૭૫૩ કરોડ થઈ છે.

માર્કેટ મૂડીનુ ચિત્ર....

કંપની	એમકેપમાં ઘટાડો	કુલ માર્કેટ મૂડી
કોલ ઈન્ડિયા	૫૫૬૯	૧૯૮૬૧૮
આરઆઈએલ	૯૫૪૫	૨૨૮૩૩૪
ટીસીએસ	-	૨૪૧૦૩૧
ઈન્ફોસિસ	-	૧૩૨૭૫૩
એચડીએફસી બેંક	૫૯૨૯	૧૧૯૮૬૫
એનટીપીસી	૫૪૦૧	૧૨૨૩૨૧
ઓએનજીસી	૪૧૪૯	૨૧૭૮૬૫
આઈટીસી	૩૩૬૨	૧૮૨૭૯૪
એસબીઆઈ	૨૩૦૩	૧૨૪૨૯૦
ભારતી એરટેલ	૧૯૯૩	૧૧૬૬૨૨

નોંધઃ- તમામ આંકડા કરોડમાં છે

સોનાની કિંમત ૨૭,૫૦૦ની આસપાસ રહેવાની સંભાવના

મુંબઈ,તા.૧૩

વૈશ્વિક બજારમા પ્રવર્તી રહેલી સ્થિતિના કારણે ગયા સમાહમા પોતાની ચમક ગુમાવી દેનાર સોનાનો ભાવ સ્થાનિક બજારમાં હાલ ૨૭૫૦૦ની આસપાસ રહે તેવી સંભાવના છે. પ્રતિ દસ ગ્રામ સોનાનો ભાવ ૨૭૫૦૦ રહે તેવો દાવો નિષ્ણાંત લોકો દ્વારા કરવામા આવી રહે છે. જાણકાર નિષ્ણાંતોએ

કહ્યુ છે કે નબળા આંતરરાષ્ટ્રીય પરિબળોના પરિણામ સ્વરૂપે સોનામા ચમક હાલ રહેશે નહી. એક બાજુ યુરોપમાં દેવાની કટોકટી પ્રવર્તી રહી છે. બીજી બાજુ ઈક્વિટી માર્કેટમાં તીવ્ર ઘટાડો થઈ રહ્યો છે. ટુંકાગાળામા સોનાનો ભાવ ૨૭૭૦૦-૨૭૫૦૦ વચ્ચે રહે તેમ માનવામા આવે છે. અમેરિકી ફ્યુચર માર્કેટમાં સોનાની કિંમત શુક્રવારે અંશ દીઠ ૧૫૮૪ બોલાઈ હતી. જ્યારે ભારતમાં સોનાનો ભાવ પ્રતિ દસ ગ્રામ ૨૮૩૦૮ બોલાયો હતો. સ્થાનિક માર્કેટમાં રૂપિયમા નબળાઈના કારણે પણ સોનાની કિંમતને અસર થઈ રહી છે. નિષ્ણાંતોનુ કહેવુ છે કે જો રૂપિયો મજબૂત બનશે તો સોનાની કિંમતમાં સ્થિતિમા ઉથલપાથલ થશે. ટુંકાગાળામા સોનાની કિંમત ૨૭૫૦૦ની આસપાસ રહી શકે છે. જ્યારે વૈશ્વિક બજારમા સોનાનો ભાવ નીચલી સપાટીએ અંશ દીઠ ૧૫૦૦ ડોલર રહી શકે છે.

અણ્ણા હઝારેએ ભ્રષ્ટાચાર સામેના જંગમાં જોડાવવા વી.કે. સિંહને આમંત્રણ આપ્યું

નવી દિલ્હી,તા. ૧૩

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હઝારેએ આજે નિવૃતિ બાદ ભ્રષ્ટાચાર સામેના જંગમાં તેમની સાથે જોડાવવા સેનાના વડા વીકે સિંહને આમંત્રણ આપ્યું હતું. અણ્ણાએ કહ્યું હતું કે જો સેનામાંથી નિવૃત થયા બાદ વીકે સિંહ આ રાષ્ટ્રીય ચળવળમાં જોડાશે તો અમે તેમનું સ્વાગત કરીશુ. ટીમ અણ્ણાના સભય સુરેશ પઠારેએ ટ્વીટર પર આજે આ મુજબનો સંદેશો રજૂ કર્યો હતો. સેના વડા તરફથી હજુ સુધી આ અંગે કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. પરંતુ આ હિલચાલ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવે તેવી શક્યતા છે. જનરલ વીકે સિંહને એક ઈમાનદાર વ્યક્તિ તરીકે ગણવામાં આવે છે. તાજેતરના વર્ષોમાં જ તેઓએ સેનાને વધુ આધુનિક બનાવવા માટેની રજૂઆત કરી છે.

વીકે સિંહે સેનાની અંદરના ભ્રષ્ટાચાર અંગે પણ વાત કરી છે. વયને લઈને તેઓ સરકાર સામે કોર્ટમાં પણ જઈ ચુક્યા છે. જો કે કોર્ટમાં તેમની હાર થઈ હતી. સેવામાં ૪૦ વર્ષ પૂર્ણ કર્યા બાદ જનરલ સિંહ તેમની સર્વિસના રેકોર્ડ મુજબ તેઓ હવે ૬૨ વર્ષના થશે. તેઓ ૩૧મી મેના દિવસે નિવૃત થવા જઈ રહ્યા છે. તેમની જગ્યાએ લેફ્ટી. જનરલ બ્રિકમ સિંહ ૧.૧૩ મિલિયન જવાનો ધરાવતી ભારતીય ભૂમિ સેનાના વડા બનશે. તાજેતરમાં જ સિંહે એમ કહીને વિવાદ છેડી દીધો હતો કે એક નિવૃત સેનાના અધિકારીએ ૬૦૦ ટાટ્રા ટ્રક માટે સોદાબાજીને મંજૂરી આપવાની સ્થિતીમાં ૧૪ કરોડ રૂપિયાની લાંચ આપવાની ઓફર કરી હતી. આ લાંચની ઓફર અંગે તેઓએ સંરક્ષણ પ્રધાન એન્ટોનીને જાણ પણ કરી હતી. આ મામલે સંસદમાં ભારે હોબાળો થયો હતો. ત્યારબાદ સીબીઆઈ તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો.

૨૦૨૦ સુધી કુલ પાંચ કરોડ યુવાનોને રોજગારી અપાશે

મેંગ્લોર,તા.૧૩

કોર્પોરેટ બાબતોના કેન્દ્રીય પ્રધાન વિરપ્પા મોઈલીએ દાવો કર્યો છે કે વર્ષ ૨૦૨૦સુધી નેશનલ સ્કીલ ડેવલોપમેન્ટ સ્કીમ મારફતે દેશમાં પાંચ કરોડ યુવાનોને રોજગારી આપવામાં આવશે. કેન્દ્ર સરકારે આ અંગેની એક મહત્વકાંક્ષી યોજના ઘડી કાઢી છે. મેંગ્લોરમાં વિદ્યાગીરી ખાતે એક પ્લેસમેન્ટ પ્રાઈવનું ઉદઘાટન કર્યાબાદ પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે નેશનલ સ્કીલ ડેવલોપમેન્ટ સ્કીમ એક જાહેર-ખાંનગી પાર્ટનરશીપ કાર્યક્રમ છે. આનો મુખ્ય હેતુ ભારતમાં ઝડપથી વધી રહેલી જરૂરિયાતોને પુરી કરવા સ્કીલ ડેવલોપમેન્ટને પ્રોત્સાહન આપવાની છે. સાથે સાથે તમામ ક્ષેત્રોમાં લોકોને વધુને વધુ રોજગારી મળે તેની ખાતરી કરવાની પણ છે. માંગ અને કુશળતા વચ્ચે રહેલા અંતરને દુર કરવાના પ્રયાસો પણ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે હાલમાં સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટરો રાજ્યમાં બેંગ્લોર, ગુલબર્ગાં અને ચિક્કા બાલાપુરમાં ચાલી રહ્યા છે. વધુ નેશનલ સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટરોપણ રાજ્યમાં શરૂ કરવામાં આવશે.

મોઈલીનું કહેવું છે કે આ યોજના અંગે સુચન વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. મોઈલીએ એમ પણ કહ્યું હતુ કે ભારતમાં યુવાનોને પુરતી રોજગારીની તકો ઉપલબ્ધ રહેલી છે. અમેરિકા સહિતના દેશો જ્યારે મંદીના કારણે કટોકટીમાં છે ત્યારે ભારતમાં યુવાનોને જુદા જુદા સેકટરોમાં રોજગારીની પૂરતી તકો મળી રહી છે. સરકાર પણ તેમનામાં કુશળતા વિકસાવવા તકીબધ છે. યુવાનો રોજગારી લાયક બની શકે તે માટે તેમને તાલિમ આપવામાં આવી રહી છે. મોઈલીએ કહ્યું હતું કે ૧૪મી જુલાઈ-૧૫મી જુલાઈના દિવસે ચિક્કા બાલાપુરમાં તેમના મત વિસ્તારમાં આલવા એજ્યુકેશન ફાઉન્ડેશનના સહકારથી એક વિશાળ ઉદ્યોગમેળાનું આયોજન કરવામાં આવશે. આમા ૨૫૦ કંપનીઓ અને ૨૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તેવી સંભાવના છે.

એર ઈન્ડિયાની કટોકટી આજે રવિવારે છઠ્ઠા દિવસે પણ યથાવત

નવી દિલ્હી,તા.૧૩

એર ઈન્ડિયાની કટોકટી આજે રવિવારે છઠ્ઠા દિવસે પણ યથાવત રીતે જારી રહી હતી. આ મડાગાંઠનો ઉકેલ આવે તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. એર ઈન્ડિયા મેનેજમેન્ટ અને હડતાળી પાઈલોટો પોતપોતાના વલણ ઉપર મક્કમ હોવાથી હડતાળનો વહેલીતકે ઉકેલ આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. વધુ કેટલાક પાઈલોટોની હકાલપટ્ટી કરવામાં આવી રહી છે. સાથે સાથે ફ્લાઈટો પણ રદ કરવામાં આવી રહી છે. શનિવાર સુધી કુલ ૭૧ પાઈલોટોની હકાલપટ્ટી કરવામાં આવી હતી. વધુ ૨૦ ફ્લાઈટો રદ કરવામાં આવી છે. આ તમામ ફ્લાઈટો ઈન્ટરનેશનલ હોવાનું જાણવા મળ્યું છે. જેના પરિણામ સ્વરૂપે વિદેશ જવા ઈચ્છતા મોટી સંખ્યામાં પ્રવાસીઓ અટવાઈ પડ્યા છે. એર ઈન્ડિયાના અધિકારીઓએ કહ્યું છે કે પાઈલોટો મક્કમ બનેલા છે અને ફરજ ઉપર હાજર થઈ રહ્યા નથી. દિલ્હી અને મુંબઈથી ૨૦ ફ્લાઈટો રદ કરવામાં આવી ચુકી છે. આ મડાગાંઠ ગઈકાલે મોડી રાત્રે વધુ ગંભીર બની ગઈ હતી. કારણ કે ડિરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) દ્વારા ઈન્ડિયન પાઈલોટ્સ ગિલ્ડના ૨૧ હોદ્દેદારોએ નોટિસ ફટકારી છે. તેમના ફ્લાઈંગ લાઈસન્સ રદ કરવા માટે એરલાઈન્સ મેનેજમેન્ટે રજુઆત કર્યા બાદથી હોદ્દેદારોને નોટિસ આપવામાં આવી છે. ડીજીસીએના સુત્રોએ કહ્યુ છે કે આ ૧૧ પાઈલોટોને તેમનો જવાબ આપવા એક સમાહની મહેતલ આપવામાં આવી છે. નાગરિક ઉડયન પ્રધાન અજીતસિંહ પણ હડતાળને ઉકેલવાના પોતાની રીતે પ્રયાસ કરી રહ્યા છે. મડાગાંઠનો અંત લાવવા તેમના વિરોધને છોડી દેવા અજીતસિંહ અપીલ કરી ચુક્યા છે. અહેવાલ મુજબ ઈન્ડિયન પાઈલોટ્સ ગિલ્ડના છત્ર હેઠળ આંદોલન કરી રહેલા પાઈલોટોનું કહેવું છે કે તેઓ મડાગાંઠનો અંત લાવવા માટે બિન સરતની રીતે વાતચીત કરવા માટે તૈયાર છે. પરંતુ મેનેજમેન્ટ તેમની વાત સાંભળવા તૈયાર નથી.

પાઈલોટોએ આ મામલામાં દરમિયાનગીરી કરવા વડાપ્રધાન મનમોહનસિંહને પત્ર લખ્યો છે. સાથે સાથે હાલમાં ચાલી રહેલી કટોકટીને ઉકેલવા માટે રજુઆત પણ કરી છે.

સત્યમેવ જયતે : બાળ શોષણ પરની રજૂઆતની ભારે ચર્ચા

મુંબઈ,તા.૧૩

સત્યમેવ જયતેના બીજા એપિસોડમાં આજે આમિરખાને વધુ એક સંવેદનશીલ મામલો ઉઠાવ્યો હતો. બાળકો સાથે થઈ રહેલા શોષણ અને બાળકો પર થઈ રહેલા અત્યાચારનો મુદ્દો આજે આમિર ખાને ખૂબ જ સરળ રીતે ઉઠાવ્યો હતો. જાતીય અત્યાચાર માંથી બાળકોને બચાવી લેવા આમિર ખાને અવાજ ઉઠાવ્યુ હતુ. સમાજના આ દુષણને દૂર કરવા આમિર ખાને ગંભીરતા પૂર્વક પ્રયાસ કર્યા છે. આ મુદ્દો ખૂબ જ સાવધાની પૂર્વક અને સાહસ સાથે રજૂ કર્યો હતો. આમિર ખાન દ્વારા રજૂ કરવામા આવેલા શોને જોઈને લોકો ચોંકી ઉઠયા હતા. પ્રથમ એપિસોડમા ભ્રુણ હત્યાનો મામલો ઉઠાવ્યા બાદ આજે બીજા એપિસોડમા અત્યાચારનો મુદ્દો ઉઠાવ્યો હતો. અલબત્ત આ એપિસોડ પ્રથમ એપિસોડ કરતા નબળો લાગ્યો હતો. પરંતુ ઉદ્દેશ્ય ખૂબજ સારો હોવાથી આની ટીકા થઈ નથી. કાર્યક્રમની ટીકા કરનાર લોકો દરેક જગ્યાએ ઉપસ્થિત હોય છે. કાર્યક્રમની શરૂઆતે આમિર ખાને ઉપસ્થિત ચાહકોથી દેશમા બાળ શોષણની ટકાવારી અંગે પ્રશ્નો કર્યો હતો જેમાં ૨-૧૦ અથવા ૧૨ ટકો લોકો વિચારી શકયા હતા. પરંતુ જ્યારે ખુલાસો કરાયો ત્યારે ૫૩ ટકા લોકો શિકાર થઈ રહ્યા છે ત્યારે તમામ લોકો હચમચી ઉઠયા હતા. આમિર ખાને અનામિકા અને સિન્ડ્રેલાના માધ્યમથી સમાજમા ફેલાયેલી આ વિકૃતિને દૂર કરવા તમામ સંબંધીતોને અપીલ કરી હતી.

ભારત સહિત દુનિયાભરના દેશોમાં મધર્સ ડેની ઉજવણી

નવી દિલ્હી,તા. ૧૩

મધર્સ ડેની આજે શાનદાર ઉજવણી કરાવમાં આવી રહી છે. મધર્સ ડેના પ્રસંગે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. માતા પ્રત્યે પોતાના પ્રેમને વ્યક્ત કરવા માટે આધુનિક સમયમાં બાળકો માતાને તેમની પસંદગીની ચીજો પણ આપે છે. મધર્સ ડેના દિવસે માતાની બાળકોને સાચવવાની કુશળતા ઉપર પણ કાર્યક્રમનો આયોજન કરવામાં આવ્યું હતું. સમાજમાં માતાની રહેલી ભુમિકાની પણ આજે રજુઆત કરવામાં આવી હતી. વિશ્વના જુદા જુદા દેશોમાં અને જુદા જુદા ભાગોમાં જુદા જુદા દિવસોની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસો મોટાભાગે માર્ચ, એપ્રિલ અને મે મહિનામાં હોય છે. મધર્સ ડેની જેમ જ ફાધર્સ ડેની ઉજવણી કરવામાં આવે છે. આજે વિશ્વભરમાં મધર્સ ડે છે. કેટલાક લોકોનું કહેવું છે કે આની ઉજવણીની શરૂઆત ગ્રીકમાં થઈ હતી. અને આ રોમન ઉત્સુવ છે. પરંતુ આધુનિક દિવસોમાં કેટલાક દેશોમાં મધર્સ ડે એક જુની પરંપરા બની ચુકી છે. અને તમામ દેશો આની ઉજવણી કરે છે. આને વાણિજય અને ધાર્મિક ઉત્સવ

તરીકે પણ મનાવવામાં આવે છે. મેના બીજા રવિવારના દિવસે આની ઉજવણી કરવામાં આવે છે. આ પ્રસંગ ફાધર્સ ડે, પેરેન્ટ્સ ડે અને ચિલ્ડ્રન્સ ડે સાથે સંબંધિત છે. મધર્સ ડેના દિવસે બાળકો પોતાની માતા પ્રત્યે ભાવના વ્યક્ત કરી રહ્યા છે. જુલિયાવાડ નામની મહિલાઓ સૌથી પહેલા ૧૮૭૦માં મધર્સ ડેની વાત કરી હતી. આધુનિક સમયમાં પ્રથમ મધર્સ ડેની ઉજવણી ૧૯૦૮માં થઈ હતી. એ વખતે અણ્ણા જારવીસ નામની મહિલાઓ અમેરિકામાં પોતાની માતાની યાદમાં કાર્યક્રમ યોજયો હતો. ત્યારબાદ આ મહિલાએ અમેરિકામાં મધર્સ ડેને માન્યતા અપાવવા પ્રયાસો હાથ ધર્યા હતા. ૧૯૧૪માં આમા તે સફળ રહી હતી. ૧૯૧૨માં અણ્ણા જારવીસે મેના બીજા રવિવારે આની ઉજવણી કરવાની વાત કરી હતી. ત્યારબાદ મધર્સ ડેની એક ઓળખ ઉભી થઈ ગઈ હતી. ઘણા દેશો મધર્સ ડેના બદલે આને ઈન્ટરનેશનલ ચુમન ડે તરીકે પણ ઉજવે છે. ઈઝરાઈલમાં મધર્સ ડેની ઉજવણી ૨૧ માર્ચના દિવસે કરવામાં આવે છે. જ્યારે જોર્ડનમાં પણ ૨૧ માર્ચના દિવસે આની ઉજવણી કરવામાં આવે છે. લેબનોનમાં ૨૧ માર્ચ, અફઘાનિસ્તાનમાં ૧૨મી જુન, અર્જેન્ટિનામાં ઓક્ટોબર મહિનામાં આની ઉજવણી કરવામાં આવે છે. જ્યારે ઓસ્ટ્રેલિયમાં મેના બીજા સપ્તામાં એટલે કે ૧૩મી મેના દિવસે ઉજવણી થાય છે.

તમામ ટેલિકોમ કંપનીઓ સામે આઈટીની ચકાસણી

નવી દિલ્હી,તા. ૧૩

ટેલિકોમ મહાકાય કંપનીઓ સામે ફરી એકવાર નવી સમસ્યા ઉભી થઈ ગઈ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ હવે આવકવેરા વિભાગે અગાઉ લાયસન્સ મેળવી ચુકેલી તમામ ટેલિકોમ કંપનીઓ સામે તપાસ હાથ દરી છે. ટેલિકોમ કંપનીઓના ફાયનાન્સ, મુડીરોકાણ તમામ રીટર્નની બાબતે તપાસ કરશે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા ૧૨૨ લાયસન્સ રદ કરી દેવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન એ રાજાના સમય દરમિયાન મંજૂર કરવામાં આવેલા તમામ ૧૨૨ લાયસન્સ સુપ્રીમ કોર્ટે રદ કરી દીધા હતા. ગેરબંધારણીય રીતે આ લાયસન્સ મંજૂર કરવામાં આવ્યા હતા તેવા આધાર પર આ લાયસન્સ રદ કરવામાં આવ્યા હતા. તેના રજી તપાસ કેસ સ્ટેટસ રિપોર્ટમાં ગયા સપ્તાહમાં સીબીડીટીએ ગયા સપ્તાહમાં સુપ્રીમ કોર્ટમાં માહિતી આપી હતી કે તે સેન્ટ્રલ વિજિલન્સ કમીશનના આદેશ પર આ તમામ ટેલિકોમ કંપનીઓના ટેક્સ નિવેદન અને મલ્ટી બિલિયન રોકાણ મામલે તપાસ હાથ ધરવામાં આવી ચુકી છે. ઈડી અને સીબીઆઈની સાથે સાથે વિભાગના તપાસ અહેવાલના આધાર પર પણ સીવીસી આગળ વધવા માંગે છે. રાજાના ગાળા દરમિયાન મંજૂર કરવામાં આવેલા તમામ ૧૨૨ લાયસન્સ મામલે તપાસ કરવા આઈટી વિભાગને અગાઉ કહેવામાં આવ્યું હતું. સીબીડીટીના અધિકારીઓ સાથે ગયા મહિનામાં સીવીસી દ્વારા બેઠક યોજવામાં આવી હતી.

પરશોતરની પ્રીત (પાના નં. ૪ નું ચાલુ)

"સંધ્યાના બાપુ આપણા તો ભાગ્ય ફૂટ્યા હોય તેવું લાગે છે." "હા, જમના - આપણા પર કુદરત રૂઠી હોય એવું લાગે છે. હજી એક ઘાની રૂઝ આવી નથી ત્યાં આપણા પર આભ તૂટી પડ્યું."

ઓઘવજી અને જમનાએ નિઃસ્તેજ વદને ઘરમાં પગ મૂક્યો. તેમની ચાલતી નશોનું લોહી થીજી ગયું હોય તેમ અવાક બની ગયા અને ખાટલામાં સૂતા ક્ષણ ભર તો તે સુધબુધ ગુમાવી બેઠા. તેમને ધરતી ગોળ ગોળ ફરતી દેખાઈને બેભાન થઈ ગયા હોય તેમ તેના દેહ ઠંડો પડવા લાગ્યોને પરસેવે રેબજેબ થતા જમનાના શરીરમાંથી કંપારી છૂટી ગઈ. તેણે ઝડપી પાણીનો ગ્લાસ ભરીને લાવીને ચુકાઈ ગયેલા હોઠ પર અને મોંમાં ચમચીથી પાણી પીવરાવ્યું.

પિતાજીની હાલત જોતાં સંધ્યા હિબકા ભરવા લાગી આથી જમનાએ કહ્યું, "બેટા, અત્યારે રડવાનો વખત નથી તું જલ્દી જા અને ડૉક્ટરને બોલાવી લાવ."

(ક્રમશઃ)

હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

નોબેલ પુરસ્કાર સમારોહમાં કરમાને જે સંબોધન કર્યું હતું તેના કેટલાંક મુદ્દાઓ...

અત્યારચાર અને હિંસાનો મુકાબલો અત્યાચાર અને હિંસાના માર્ગ વગર પણ શક્ય છે. માનવીય સંસ્કૃતિ સ્ત્રી અને પુરૂષ બંનેના સમાન સંઘર્ષનું પરિણામ છે. જયારે પણ સ્ત્રીઓ પર અત્યાચાર ગુજારવામાં આવશે અને તેના પ્રાકૃતિક અધિકારો પર તરાપ મારવામાં આવશે તો આ બાબત સમાજ માટે હાનિકારક સાબિત થશે.

સ્ત્રીઓની સમસ્યાઓનું તે જ સમાજમાં નિરાકરણ લાવી શકાય અને સ્ત્રી જયાં સ્વતંત્રતા હોય, લોકશાહી હોય અને સ્ત્રી પુરૂષને કાર્ય કરવા તથા આગળ વધવાના સમાન અવસર પ્રાપ્ત હોય.

આ જમાનામાં વિભિન્ન કોમો ભૌગોલિક સરહદો છતાં એક નાનકડાં ગામ જેવી બની રહી છે. એ સમય આવશે જયારે લડાઈ અને યુધ્ધોની જગ્યા ચર્ચાનો માર્ગ નિકળશે. ખેંચતાણની જગ્યા એ સહકારનું વાતાવરણ, યુધ્ધની જગ્યાએ શાંતિનો માહોલ અને ભાંગફોડની જગ્યા એક જ અને એકરૂપતા હશે.

- સંદર્ભ : યુવા સાથી મેગેઝિન

સોનિયા ગાંધીની યેદિયુરપ્પા દ્વારા પ્રશંસા : ભાજપમાં ચિંતા

બેંગ્લોર,તા.૧૩

કર્ણાટક ભાજપ એકમમાં ઉભી રહેલા કટોકટી વણસી રહી છે. પૂર્વ મુખ્યમંત્રી યેદિયુરપ્પાના વલણને જોતા આગામી દિવસોમાં પણ ભાજપ હાઈકમાન્ડને કેટલાક પગલા લેવા પડશે. માઈનીંગ કૌભાંડના મામલામાં સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ ભાજપ તરફથી પૂરતો ટેકો નહી મળતા કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીની પ્રશંસા કરી છે. સોનિયા ગાંધીની પ્રશંસાથી ભાજપ વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. યેદિયુરપ્પાએ કહ્યુ છે કે તેઓ સોનિયા ગાંધીની પ્રશંસા કરી રહ્યા છે. કારણ કે સોનિયા ગાંધી તુમકુરમા આવ્યા હતા ત્યારે કોંગ્રેસ પાર્ટીના લોકો સંગઠિત અને ખૂબ જ રચનાત્મક થઈ ગયા હતા.